સત્યમેવ જયતે

ચાર્જશીટ રજુ થયાની તારીખ

ચાર્જશીટ દાખલ થયાની તારીખ

ફેસલ થયાની તારીખ ૦૮/૧૨/૨૦૧૮

અવધિ વર્ષ માસ દિવસ

## અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં (કોર્ટ નં.૧) ઘીકાંટા અમદાવાદ

ફોજદારી કેસ નંબર ૮૬૨૫૦/૧૬

આંક ________

**ફરીયાદી** **શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપી** નં. ૨ [illegible]

**ગુન્હો : જુગાર ધારાની કલમ ૧૨**

**// ઠરાવ //**

૧. ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી/આરોપીઓ વિરુધ્ધ જુગારધારાની કલમ ૧૨ મુજબનો ગુન્હો કરેલાનું ચાર્જશીટ તપાસ કરનાર અધિકારીશ્રીએ દાખલ કરેલ છે.

૨. આરોપી/આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ, ત્યારબાદ આરોપીએ આજરોજ

... સમક્ષ હાજર થઈ પ્રથમ તબક્કેજ ગુન્હા કબુલાતની પુરસીસ રજુ કરેલ છે. અને તેમાં જણાવેલ છે કે,તેઓનો આ પ્રથમ ગુન્હો છે તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ હોવાનું જણાવી કોર્ટ સમક્ષ દયાની અરજ કરેલ છે, **આંક.____** થી આરોપીની ગુન્હા સબંધી પ્લી લેતાં તેમાં પણ તેમની સામે ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

૩. આરોપીને ગુન્હાની ગંભીરતા અંગે સમજાવવામાં આવ્યા, તેમ છતાં આરોપી ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે, જેથી આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુન્હો કર્યો હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોઈ અને આરોપીને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહી કરે તેવી કોર્ટ સમક્ષ ખાવી આપતા હોઈ આરોપીની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે નીચે મુજબ શિક્ષા કરતો હુકમ કરું છું.

## // હુકમ //

અ આરોપીનં ૨ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે તેમની સામેના જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુન્હામાં દોષીત ઠરાવી દરેકને રૂ. ૧૦૦ લેખે (કુલ રૂપીયા ૨૦૦ પુરા)નો દંડ કરવામાં આવે છે. અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન ૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે

બ મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.મુદ્દામાલ મોબાઈલ/વાહન અંગે કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો મુળ માલીકને માલીકીની ખરાઈ કરી પરત સોંપવો.બિનકિમતી મુદ્દામાલનો નાશ કરવો. મુદ્દામાલ રોકડ રકમ સરકાર જમા કરાવવી.

હુકમ આજરોજ તારીખ ૮મી માહે ડીસેમ્બર સને ૨૦૧૮ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૦૮/૧૨/૨૦૧૮
સ્થળ :અમદાવાદ.

૮/૧૨/૧૮

મોહંમદસલીમ હબીબખાન પઠાણ
(જીજે.૦૦૮૧૧)
એડી.ચીફ.મેટ્રો.મેજી.(કોર્ટ નં.૧)
ઘીકાંટા,અમદાવાદ